**ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ (માતૃત્વ રજા) માં જરૂરી સ્પષ્ટતા કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પશન/૧૦૨૦૧૪/એમ-૧/પી(પેન્શન સેલ)
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૪/૨૦૨૫

**વંચાણે લીધાઃ**

(૧) ગુજરાત મુલ્કી સેવા (રજા )નિયમો, ૨૦૦૨ નો નિયમ-૬૯
(૨) નાણા વિભાગના તા.૧૩/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: PSN-102014-M1(334385)-P
(૩) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પશન/૧૦૨૦૧૪/ એમ-૧/ પી(પેન્શન સેલ)

**પ્રસ્તાવના:**

સરકારશ્રીના નાણા વિભાગના ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૬૯ તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨)ના જાહેરનામા, વંચાણે લીધા ક્રમાંક (૩)ના ઠરાવથી કાયમી કે ફિક્સ પગાર પર નિમણૂંક પામેલ મહિલા સરકારી કર્મચારીને નોકરીમાં જોડાયા બાદથી જ દિન-૧૮૦ની માતૃત્વ રજા મંજૂર કરવા બાબતે જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ, મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાય તે પહેલાં માતૃત્વ ધારણ કરેલ હોય તો તેઓને માતૃત્વ રજા મળવાપાત્ર થાય કે નહીં તે બાબતે કેટલાક કિસ્સાઓમાં સચિવાલયના વહિવટી વિભાગો/ખાતાના વડા/અન્ય કચેરીઓ દ્વારા અવારનવાર નાણા વિભાગને પૃચ્છા કરવામાં આવે છે. આ બાબતે જરૂરી સ્પષ્ટતા પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

માતૃત્વ રજાની મૂળ વિભાવના મુજબ બાળકના જન્મ પછી તેની સારસંભાળ માટે માતૃત્વ રજા મળવાપાત્ર થાય છે. પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે, કાયમી તેમજ હંગામી નોકરી પરના મહિલા સરકારી કર્મચારી નોકરીમાં જોડાયા પહેલાં બાળકને જન્મ આપેલ હોય તો ૧૮૦ દિવસમાંથી બાળકના જન્મની તારીખથી નોકરીમાં જોડાયા તારીખના

પહેલાંની તારીખ સુધીના દિવસો બાદ કરતા બાકી રહેતા દિવસો જેટલી માતૃત્વ રજા મળવાપાત્ર થશે. જેમાં ફરજ પર હાજર દિવસ રજામાં ગણવાનો રહેશે નહિ.

આ ઠરાવનો અમલ તા.૨૪/૦૯/૨૦૨૨ થી કરવાનો રહેશે. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૬૯ માં ઉક્ત સુધારા હવે પછી જાહેરનામા દ્વારા આમેજ કરવામાં આવશે. નાણા વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવની માતૃત્વ રજાને લગતી અન્ય તમામ સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. ભરડવા)
ઉપ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી , સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- રજીસ્ટારશ્રી, લોકાયુક્ત કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેકટ ફાઇલ પી(પેન્શન સેલ) શાખા

- પત્ર દ્વારા